bluebytes
news that matters

Saturday, December 12, 2009

**80 lakhs people will die till 2030 due to tobacco addiction**

Publication: Capital Kranti, Edition: Ahmedabad, Journalist: Bureau, Page No: 1, Location: Middle-Left, Width(cms): 14, Height(cms): 16, Size(sq.cms): 224

# વર્ષે ૨૦૩૦ સુધીમાં દર વર્ષે તમાકુ ૮૦ લાખનો ભોગ લેશે

## વિશ્વમાં દર વર્ષે તમાકુના સેવનથી ૫૦ લાખ ભોગ બને છે

નવીદિલ્હી

વિશ્વમાં દર વર્ષે તમાકુના સેવનથી ૫૦ લાખ અને સેકન્ડ હેન્ડ સ્મોકિંગ એટલે કે ધુમ્રપાન કરનારાઓની નજીકના સંપર્કમાં આવનાર તથા તેની આસપાસ મોજુદ રહેનારા લોકો કસમયે મોતનો શિકાર બની રહ્યાં છે અને જો સમયસર પગલા ભરવામાં નહીં આવે તો ૨૦૩૦ સુધી દર વર્ષે ૮૦ લાખથી પણ વધુ લોકો મરશે. જેમાંથી સૌથી વધુ વિકાસશીલ દેશોના હશે.

વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ના લંડનમાં જારી એક તાજા અહેવાલમાં જણાવાયુ છે કે વિશ્વની લગભગ ૯૫ ટકા વસ્તી એવી છે

જે ધુમ્રપાન વિરોધી કાયદો અસ્તિત્વમાં ન હોવાને કારણે અત્યાર સુધી અસલામત છે. સંગઠનનું કહેવુ છે કે જ્યાં ધુમ્રપાન અથવા તમાકુ ઉત્પાદનોના ઉપયોગ માટે લોકોને હતોત્સાહિત કરવામાં આવતા નથી તે દેશોમાં આ ખતરો વધુ છે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અનેક દેશોમાં ધુમ્રપાનને હતોત્સાહિત કરવા માટે તમાકુના ઉત્પાદનોની જાહેરાતો પર પ્રતિબંધ મુકવા, તમાકુ ઉત્પાદનો પર કર વધારવા અને સિગારેટના પેકેટો પર હતોત્સાહિત કરનારા ફોટા છાપવા વગેરે અસરકારક પગલા ભર્યા છે. સંગઠને ગયા વર્ષે આવા અનેક વિકલ્પો સુચવ્યા હતાં.

જેની મદદથી તમાકુ ઉત્પાદનોના ઉપયોગને હતોત્સાહિત કરી શકાય છે. અહેવાલમાં જણાવાયુ છે કે અત્યાર સુધી વિશ્વની ફક્ત ૧૦ ટકાથી પણ ઓછુ વસ્તી એવી છે જેના પર આ પ્રકારના પ્રતિબંધોમાંથી કોઇ પણ એક લગાવવામાં આવ્યું હોય.

ડબલ્યુએચઓના તમાકુ મુક્ત વિશ્વના નિર્માણ અભિયાનના નિર્દેશક ડગલાસ બેચરે જણાવ્યું હતું કે લોકોને ફક્ત સિગારેટ પીવી અથવા તમાકુના કોઇ પણ રૂપનું સેવન કરવું તેમના આરોગ્ય માટે હાનિકારક સાબિત થઇ શકે છે તેટલું કહેવુ પુરતુ નથી આથી સરકારોએ સંગઠન દ્વારા સુચવવામાં આવેલા તે વિકલ્પોમાંથી કોઇને કોઇ પગલા જરૂર ભરવા જોઇએ જે ૨૦૦૩માં ૧૭૦ દેશોની મંજુરીથી એક આંતરરાષ્ટ્રીય સંધિ દ્વારા અસ્તીત્વમાં આવ્યા છે.